સ્વયં સંચાલિત ફરિયાદ સેલ
તરફથી મળતી ફરિયાદ પરત્વે
કાર્યવાહી કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
## પરિપત્ર ક્રમાંકઃ Sb.5/102012/1241
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 09/12/2013

**<u>પરિપત્રઃ</u>**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના સુચારૂ સંચાલનના ભાગરૂપે રાજ્યના પ્રજાજનો દ્વારા ટેલીફોન સુવિધાના માધ્યમથી સ્વયં સંચાલિત ફરિયાદ સેલ ટેલીફોન નં. 079-23251805 તથા 079-23251807 માન.મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી રાજ્યમાં કાર્યરત છે. સ્વયં સંચાલિત ફરિયાદનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના પ્રજાજનોને તાત્કાલિક ન્યાય મળી રહે અને રાજ્યમાં સુશાસનનો અહેસાસ થાય તે જોવાનું છે. સ્વયં સંચાલિત ફરિયાદ સેલના માધ્યમથી સરકારશ્રીમાં પ્રાપ્ત થતી ફરિયાદ(રજુઆત) જરૂરી તપાસ અર્થે સંબંધિત સત્તામંડળને મોકલી આપવામાં આવે છે. પ્રસ્તુત ફરિયાદ(રજુઆત) બાબતે થયેલ કાર્યવાહીનો અહેવાલ દિન-૭માં સરકારશ્રીમાં મોકલી આપવાની પ્રસ્થાપિત સૂચનાથી સર્વે સુવિદિત છો. અનુભવે સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે ઉક્ત ફરિયાદોનો અહેવાલ સરકારશ્રીમાં નિયત સમયાવધિમાં મોકલવામાં આવતો નથી અને જે અહેવાલ મોકલવામાં આવે છે તે શહેર/જિલ્લાના પોલીસ વડાની સહીથી મોકલવાને બદલે તેઓશ્રીના નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીની સહીથી સીધો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે પ્રથા જરાપણ ઉચિત જણાતી નથી. જેથી રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ અમલમાં રહેલ સ્વયં સંચાલિત ફરિયાદનો મુળભૂત ઉદ્દેશ જળવાઇ રહે તે હેતુથી નીચે મુજબની કાર્યવાહી ચૂસ્તપણે અનુસરવા જણાવવામાં આવે છે.

(૧) સ્વયં સંચાલિત ફરિયાદ સેલ મારફતે સરકારશ્રીમાં મળેલ રજૂઆત જરૂરી કાર્યવાહી અર્થે સંબંધિત સત્તામંડળને મોકલવામાં આવતા તે રજૂઆતનો અહેવાલ નિયત સમયાવધિમાં નહીં મોકલી, ઘણા જ વિલંબથી મોકલવામાં આવે છે. જેથી આ સિસ્ટમનો મુળભૂત હેતુ ફળીભૂત થતો નથી. **સરકારશ્રી દ્વારા સૂનિશ્ચિત કરાયેલ સમયાવધિમાં જ અહેવાલ અચૂક મોકલી આપવાનો રહેશે.**

(૨) સ્વયં સંચાલિત ફરિયાદ અંગેનો અહેવાલ નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીની સહીથી મોકલવાની પ્રથા યોગ્ય ન હોઇ સરકારશ્રી સાથેનો તમામ પત્રવ્યવહાર શહેર/જિલ્લાના પોલીસ વડાની સહીથી જ કરવા, સુનિશ્ચિત સૂચનાઓનો અમલ થાય તે જોવા ખાસ વિનંતી છે અને તે અંગેની પ્રસ્થાપિત સૂચનાઓ નિયંત્રણ હેઠળના સંબંધિત તમામ અધિકારી/કર્મચારીઓને પરિપત્રિત કરી તેનો સૂચારૂ અમલીકરણ થાય તે મુજબની કાર્યપ્રણાલિકા અમલી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડ્યા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

(પાછળ)

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સર્વે અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ (પશ્ચિમ રેલ્વે સહિત)
- તમામ ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ,